# MAITRI ENTERPRISES LIMITED

maitri
GROUP

**Date**: August 31, 2022

To,
**BSE LIMITED**
P.J. Towers, -
Dalal Street,
Mumbai-400001

**Sub.: Newspaper Advertisement-Dispatch of Notice and Annual Report of 31ST Annual General Meeting**
**BSE Scrip Code: 513430**

Dear Sir/Madam,

Pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find attached the newspaper advertisement published in the **LOKMITRA (A UNIT OF KALYANI PUBLICATIONS P LTD)** (English and Gujarati) regarding Book Closure and E-Voting information of 31st Annual General Meeting of the Company in terms of section 108 of the Companies Act, 2013 read with Rule 20 of Companies (Management and Administration) Rules, 2014 (as amended) and Regulation 44 of Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

Kindly take the same in your record.

Thanking you,

Yours faithfully,
**For, MAITRI ENTERPRISES LIMITED**

MAITRI ENTERPRISES LTD. AHMEDABAD

Seema

**SEEMA KALWANI**
**COMPANY SECRETARY & COMPALICNE OFFICER**

# તંત્રીશ્રીની કલમે

## આદિત્ય ઠાકરે બોલી રહ્યો છું... ૨૫ હજાર મોકલો !...

મહારાષ્ટ્ર, મહારાષ્ટ્રમાં એક ફોન કોલની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. કારણ કે આ કોલ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેના નામથી કરવામાં આવ્યો હતો અને કોલ કરનારે ૨૫ હજાર રૂપિયાની માંગ કરી હતી. કોલ યુવા સેનાના એક કાર્યકર્તાને કરવામાં આવ્યો હતો. મામલાની ફરિયાદ બાદ પોલીસ સક્રિય થઈ ગઈ છે. યુવા સેનાના કાર્યકર્તાની ફરિયાદના આધાર પર પોલીસે કેસ દાખલ કરી તપાસ શરૂ કરી દીધી છે. મુંબઈમાં એક અજાણ્યા વ્યક્તિ દ્વારા ખુદને શિવસેના નેતા આદિત્ય ઠાકરે જણાવી ફોન કરવા અને પાર્ટીના યુવા એકમ યુવા સેનાના કાર્યકર્તા પાસે ૨૫ હજાર રૂપિયાની માંગ કરવાનો મામલો સામે આવ્યો છે. એક અધિકારીએ આ જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે મુંબઈ પોલીસ આ પ્રકરણની તપાસ કરી રહી છે. અધિકારીએ જણાવ્યું કે ફરિયાદી મધ્ય મુંબઈના દાદરનો નિવાસી છે અને તેને ત્યારે આશ્ચર્ય થયું જ્યારે વોટ્સએપ કોલ આવ્યો જેમાં તસવીર આદિત્ય ઠાકરેની લાગી હતી. તેમણે એફઆઈઆરના હવાલાથી જણાવ્યું કે ફોન કરનારે ફરિયાદી પાસે ૨૫ હજાર રૂપિયા માંગ્યા કારણ કે તે પોતાના મિત્રની મદદ કરવા ઈચ્છતો હતો. તેમણે કહ્યું કે, ફોન કરનારે બીજા દિવસે રકમ પરત આપવાની વાત કરી હતી. અધિકારીએ જણાવ્યું કે ફરિયાદીને તત્કાલ થયું કે આ છેતરપિંડીનો પ્રયાસ છે અને તેણે તેની સૂચના શિવસેના પદાધિકારીઓને આપી હતી. અધિકારીએ જણાવ્યું કે શનિવારે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ એફઆરઆઈ દાખલ કરી છે. તેમણે જણાવ્યું કે શરૂઆતી તપાસથી જાણવા મળે છે કે જે નંબરથી ફોન કરવામાં આવ્યો હતો તે ઉત્તર પ્રદેશનો છે.

## જૂનાગઢના માંગરોળમાં આપની મિટિંગમાં બળદગાડું ઘૂસી જતા દોડધામ

જૂનાગઢ

જૂનાગઢના માંગરોળના શેખપુર ગામે આમ આદમી પાર્ટીની ચાલુ મિટિંગમાં બળદ ગાડું ઘૂસતા અફરાતફરી મચી હતી. આમ આદમી પાર્ટીની મિટિંગમાં બેસવા માટેની ખુરશીઓ તૂટી હતી. આ બળદ ગાડામાં પશુઓ માટેનો ઘાસચારો તેમજ ૬ થી ૭ લોકો બેઠા હતા. સદનસીબે કોઈ જાન હાની થઈ ન હતી. મિટિંગમાં માઈક ચાલુ થતાં રસ્તા પરથી પસાર થતા બળદગાડાંના બળદો ભડક્યાં હતા. જેથી બળદો સભામાં ઘૂસી જતા નાશ ભાગ મચી હતી. તાજેતરમાં અમદાવાદના એસજી હાઈવેના ઝાયડસ બ્રિજ પર અચાનક ભેંસ આવી જતા બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક ટ્રક પલટી ગઈ હતી. જેથી ડ્રાઈવરને ઈજા પહોંચતા સોલા સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે.જૂનાગઢના માંગરોળના શેખપુર ગામે આમ આદમી પાર્ટીની મિટિંગ ચાલી રહી હતી. આ દરમિયાન ચાલુ મિટિંગમાં બળદગાડું ઘૂસી આવ્યું હતું. જેથી અફરાતફરી મચી હતી. મિટિંગમાં માઈક ચાલુ થતા બળદ ભડક્યા હતા. જેના કારણે બળદ મિટિંગમાં ઘૂસી આવ્યાં હતા. આ બળદગાંડામાં ૬થી૭ લોકો બેઠા હતા. સદનસીબે જાનહાની ટળી હતી. જોકે, ૧૫ જેટલી ખુરશીઓ તૂટી હતી.

## સીસીસીની પરીક્ષા કેન્સલ રહેતા રાજયભરના ઉમેદવારો મુશ્કેલીમાં

અમદાવાદ, રાજયના અલગ અલગ વિભાગના કર્મચારીઓને સીસીસી લની પરીક્ષા ફરજિયાત પાસ કરવાનો નિયમ છે. તે અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી દ્વારા આજે પરીક્ષા યોજાવાની હતી. પરંતુ સર્વરની સમસ્યાને કારણે પરીક્ષા યોજાઈ શકે તેમ નથી, જેથી પરીક્ષાર્થીઓને આગળના દિવસે જ જાણ કરીને પરીક્ષા કેન્સલ કરવા અંગે જણાવવામાં આવ્યું હતું. અગાઉ અમદાવાદ ખાતે આવી પરીક્ષાના આયોજન કરવા બાબતે તથા તેના માટે જરૂરી એન્ટ્રી પાસ ડાઉનલોડ કરવા મેસેજ પણ દરેકને યુનિવર્સિટીએ મોકલાવેલો હતો અને એટલે કે પરીક્ષાના એક દિવસ અગાઉ રાતના સમયે પરીક્ષા રદ કરી દેવામાં આવી છે. પરીક્ષાર્થીઓને પણ આ અંગે મોડા મેસેજ કરીને જાણ કરી હતી. પોરબંદર, ભુજ, હિંમતનગર, પાલનપુર, સુરત, વલસાડ,ભરૂચ વગેરે જેવા દુરના જિલ્લા તથા ગામડાના અંતરિયાળ વિસ્તારોમાંથી આવતા અનેક પરીક્ષાર્થીઓ વહેલા આવી ગયા હતા. જે હવે પરીક્ષા આપ્યા વિના પરત જશે અને ફરીથી પરીક્ષા આપવા આવશે.

## કોહલીએ ૧૦૦મી ટીર૦માં ફોર્મમાં પરત ફરવાના સંકેત આપ્યા

દુબઈ, એશિયા કપમાં રવિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચેના હાઈવોલ્ટેજ મુકાબલો યોજાયો હતો. આ મેચ વિરાટ કોહલીની ૧૦૦મી આંતરાષ્ટ્રીય ટીર૦ મેચ હતી. વિરાટ કોહલીએ આ મેચમાં ફોર્મમાં પરત ફરવાના સંકેત આપ્યા હતા. વિરાટ કોહલીએ ૩૪ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૩૫ રન કર્યા હતા. શરૂઆતમાં વિરાટને થોડી મુશ્કેલી પડી હતી અને તેને જીવતદાન પણ મળ્યું હતું. વિરાટ કોહલી છેલ્લા કેટલાક સમયથી ફોર્મમાં નહીં હોવાથી ટીકાકારોનો શિકાર બનતો રહે છે. જો કે એશિયા કપમાં પાકિસ્તાન સામેની મેચમાં તેણે શાનદાર દેખાવ કર્યો હતો અને ભારતને ડ્રાઈવિંગ સિટ પર લાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. કોહલીના આઈપીએલ ફ્રેન્ચાઈઝના સહયોગી અને દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન એ બી ડીવિલિયર્સે પણ એક ખાસ સંદેશ આપતા વિરાટને તેની ૧૦૦મી ટીર૦ બદલ અભિનંદન પાઠવ્યા હતા. વિરાટ ક્રિકેટમાં તમામ ફોરમેટમાં ૧૦૦ મેચ રમનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે.

## ભારતે પાક. સામે ટીર૦ વર્લ્ડ કપની હારનો બદલો લીધો

દુબઈ, હાર્દિક પંડ્યાના ઓલ રાઉન્ડ દેખાવને પગલે ભારતે એશિયા કપમાં પાકિસ્તાનને પાંચ વિકેટે કચડીને ટીર૦ વર્લ્ડ કપમાં હારનો બદલો લીધો હતો. રવિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચેના એશિયા કપ મુકાબલામાં ભારતનો છેલ્લી ઓવરમાં દિલધડક વિજય થયો હતો. ભારતે ટોસ જીતીને પાકિસ્તાનને બેટિંગનું આમંત્રણ આપ્યું હતું. પાકિસ્તાનની સમગ્ર ટીમ ૧૯.૫ ઓવરમાં ૧૪૭ રનમા ઓલ આઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાનના ઓપનર મોહમ્મદ રિઝવાને સૌથી વધુ ૪૩ રન કર્યા હતા. ભુવનેશ્વર કુમારે ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે હાર્દિક પંડ્યાએ બોલિંગમાં ત્રણ વિકેટ અને બેટિંગમાં ૩૩ રનની અણનમ ઈનિંગ રમીને ભારતને જીત અપાવી હતી. ભારતે ઓપનર કે એલ રાહુલની ઝડપથી વિકેટ ગુમાવી હતી. કેપ્ટન રોહિત શર્મા (૧૨) પણ ખાસ યોગદાન આપી શક્યો નહતો. હાર્દિક પંડ્યાએ ૧૯મી ઓવરમાં ૧૯ રન ફટકાર્યા હતા જ્યારે અંતિમ ઓવરમાં વિજયી છગ્ગો ફટકારતા ભારતનો કટ્ટર હરીફ પાકિસ્તાન સામે રોમાંચક વિજય થયો હતો.

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara

## મધ્યપ્રદેશમાં દારૂડિયા પતિએ પત્નીને બેરહેમીથી માર મારતા મોત નીપજ્યું

મધ્યપ્રદેશ

મધ્યપ્રદેશના બેતુલમાં એક દારૂડિયાએ ક્રૂરતાની તમામ હદ વટાવી પત્ની પર એટલો અત્યાચાર કર્યો કે, મહિલાનું સારવાર દરમિયાન મોત થયું. મામલો બોરદેહી પોલીસ સ્ટેશન વિસ્તારના ખારી બિસ્કન ગામનો છે જ્યાં નશામાં ધૂત એક વ્યક્તિએ પહેલા તેની પત્નીને ખૂબ માર માર્યો હતો. પછી ક્રૂરતાની હદ વટાવી મહિલાના પ્રાઈવેટ પાર્ટમાં લાકડું નાખ્યું. આ પછી મહિલાને ખૂબ લોહી વહી રહ્યું હતું. મહિલાને લોહી નીકળતું જોઈ પતિ ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મહિલાનો પુત્ર તેને અમલાના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયો જ્યાંથી તેને જિલ્લા હોસ્પિટલમાં રિફર કરવામાં આવી. સારવાર દરમિયાન મહિલાનું મોત થયું હતું. મહિલાના ભાઈ અને પુત્રએ જણાવ્યું કે, તેને દરરોજ માર મારવામાં આવતો હતો, પરંતુ મહિલાએ ક્યારેય તેનો વિરોધ કર્યો ન હતો. પરંતુ જ્યારે તેણે વિરોધ કર્યો તો તેને બદલામાં ક્રૂરતાનો સામનો કરવો પડ્યો. મહિલાના મોત બાદ પોસ્ટમોર્ટમ બાદ તેના મૃતદેહને સ્વજનોને સોંપવામાં આવ્યો છે. સાથે જ હવે આ કેસમાં હત્યાની કલમ પણ ઉમેરી દેવામાં આવી છે. પોલીસ આરોપી પતિને શોધી રહી છે. બેતુલ સહિત મહારાષ્ટ્રમાં પોલીસની ટીમ આરોપીઓને શોધવા રવાના થઈ છે. આ ઘટનાનું સાચું કારણ આરોપીની ધરપકડ બાદ જ સામે આવશે, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર આમાં ગેરકાયદે સંબંધોની શંકાનો એંગલ પણ જણાવવામાં આવી રહ્યો છે. જો કે, આ હકીકતની પુષ્ટિ થવાની બાકી છે.મધ્યપ્રદેશના બેતુલમાં એક પતિએ પોતાની પત્ની સાથે એવો અત્યાચાર કર્યો કે તમે જાણીને ચોંકી જશો. પતિએ પત્ની સાથે ક્રૂરતાની તમામ હદ વટાવી દીધી છે. દારૂના નશામાં આરોપી પતિએ પત્નીને બેરહેમીથી માર માર્યો હતો. તેની પત્નીને ગંભીર ઈજા થઈ. મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. ઘટના બાદથી આરોપી પતિ ફરાર છે. હાલ પોલીસ તેને શોધી રહી છે.

## આ દાયકાના અંત સુધી ૬જી સર્વિસ ભારતમાં લોન્ચ થશે : વડાપ્રધાન મોદી

નવીદિલ્હી

ભારતમાં ૫જી સર્વિસીસની જાહેરાત થઈ ગઈ છે અને મોટાભાગની કંપનીઓ તેની લોન્ચિંગ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. તમને જણાવી દઈએ કે ૫જીસર્વિસીસ આવતાં પહેલાંથી જ ભારતમાં ૬જી સર્વિસની જાહેરાત કરી દીધી છે. જોકે ગુરૂવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશ આ દાયકાના અંત સુધી ૬જી સર્વિસીસ રજૂ કરવાની તૈયારીમાં છે. પીએમ મોદીએ આ જાહેરાત 'સ્માર્ટ ઈન્ડીયા હૈકથોન ૨૦૨૨' ગ્રાન્ડ ફિનાલે દરમિયાન કરી. ૫જી સેવાઓ તમામ મુખ્ય શહેરો અને મુખ્ય ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચી જશે. સરકારનો એ પણ દાવો છે કે ૫જી સેવાઓ સસ્તી અને સુલભ થશે. ભારતમાં ૫જી સર્વિસીસ લોન્ચ ડેટ સામે આવી ગઈ છે. તમને જણાવી દઈએ કે કેન્દ્રીય આઈટી મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવે ટૂંક સમયમાં ૫જી સર્વિસ શરૂ થવાના સંકેત આપ્યા છે. તેમણે ગુરૂવારે જણાવ્યું કે ભારતમાં ૫જી ૧૨ ઓક્ટોબર સુધી લોન્ચ કરી દેવામાં આવશે. દરેક ભારતીય માટે મોટા સમાચાર છે કે ૫જીસર્વિસ શરૂ થયા બાદ ઘણા ફાયદા મળવાના છે. લોન્ચિંગ બાદ બીજા શહેરો અને ગામડાંઓમાં તેનો વિસ્તાર કરવામાં આવશે. જાણકારી અનુસાર બેથી ત્રણ વર્ષમાં દેશના દરેક ભાગમાંન આ સેવાઓ પહોંચી જશે. ૫જી સ્માર્ટફોન્સ તમને હાઈસ્પીડમાં ડાઉનલોડ કરવાની સુવિધા આપે છે. આ ૧૦જીબી/જ થી ૫૦જીબી/જ થી વધુ ઝડપી છે જે સામાન્ય રીતે ૪જી નેટવર્ક દ્વારા રજૂ કરવામાં આવે છે. એટલું જ નહી તમને ખબર હોવી જોઈએ કે ૫જી સ્માર્ટફોન તમને હાઈ ડેટા ટ્રાંસફર સ્પીડ આપે છે, ઈન્ટરનેટથી તમે તે તમામ કામ કરી શકશો જે સામાન્ય સ્માર્ટફોનથી કરી શકતા નથી. તમે બફરિંગ વિના તમારા સ્માર્ટફોન, ટેબલેટ અથવા કોમ્પ્યુટર પર ૪જી થી માંડીને ૮જી સુધી વીડિયો સ્ટ્રીમિંગ કરી શકે છે. ૫જી માં ૪જી ની તુલનામાં વધુ નેટવર્ક ક્ષમતા છે, એવામાં ૪જી નેટવર્કની તુલનામાં વધુ ડિવાઈસ અને લોકો ૫જી નેટવર્કનો ઉપયોગ કરીને કનેક્ટ કરી શકો છો. ઓડિયો ક્વોલિટી જે ૪જી ફોન્સમાં કોલ કરતી વખતે ઘણીવાર ખરાબ થઈ જાય છે ૫જી ફોનમાં તમારી સાથે એવી કોઈપણ સમસ્યા આવશે નહી. જો વાત કરીએ કિંમતની તો ૪જી ફોનની તુલનામાં ૫જી ફોન ખરીદવા માટે તમારે વધુ પૈસા ખર્ચ કરવા પડશે. જોકે તેની કિંમત પણ ખૂબ વ્યાજબી રાખવામાં આવી છે.

## વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૧૮૦ કિમીની ઝડપે દોડતી ટ્રેનનો વિડીયો વાયરલ

નવીદિલ્હી, દેશમાં હાલ બે વંદે ભારત ટ્રેન ચાલી રહી છે. ભારતની પહેલી વંદે ભારત ટ્રેન નવી દિલ્હીથી વારાણસી વચ્ચે દોડાવવામાં આવી હતી. ત્યારબાદ નવી ટ્રેન દિલ્હીથી કટરા વચ્ચે દોડાવવામાં આવી. હવે ત્રીજી વંદે ભારત ટ્રેનની ટ્રાયલ થઈ રહી છે. કહેવાય છે કે આ ટ્રેન મુંબઈ-અમદાવાદ રૂટ પર દોડાવવામાં આવી શકે છે. નવી દિલ્હીથી વારાણસી અને નવી દિલ્હી-કટરા વચ્ચે જે વંદે ભારત ટ્રેન દોડી રહી છે તે આધુનિક સુવિધાઓથી લેસ છે. જેમાં જીપીએસ આધારિત સૂચના સિસ્ટમ, સીસીટીવી કેમેરા, વેક્યૂમ આધારિત બાયો ટોઈલેટ, ઓટોમેટિક સ્લાઈડિંગ ડોર અને દરેક કોચમાં ચાર ઈમરજન્સી પુશ બટન છે. અત્રે જણાવવાનું કે દેશની સૌથી હાઈ સ્પીડ દોડતી ટ્રેન વંદે ભારત છે. આ ટ્રેનની વધુમાં વધુ સ્પીડ ૧૮૦ કિમી પ્રતિ કલાક છે. રેલવેએ દાવો કર્યો છે કે પ્રધાનમંત્રી મોદીની જાહેરાત મુજબ ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં વંદે ભારતની ૭૫ ટ્રેનો પાટા પર દોડતી હશે. આઈસીએફની દર મહિને છ થી સાત વંદે ભારત રેક (ટ્રેન)ની ઉત્પાદન ક્ષમતા છે અને આ સંખ્યા વધારીને ૧૦ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ભારતની ત્રીજી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેને ટ્રાયલ રનમાં ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ પકડી. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્વિટર પર જાણકારી આપતા કહ્યું કે વંદે ભારત-૨ની સ્પીડ ટ્રાયલ કોટા-નાગદા સેક્શન વચ્ચે ૧૨૦/૧૩૦/૧૫૦ અને ૧૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી શરૂ થઈ. રેલવે મંત્રી દ્વારા શેર કરાયેલા વીડિયોમાં જોવા મળી શકે છે કે તેજ રફતાર ટ્રેનમાં એક ગ્લાસ રાખવામાં આવ્યો છે. હાઈ સ્પીડ હોવા છતાં પણ ગ્લાસમાંથી એક ટીપું પાણી બહાર આવ્યું નથી જે જોઈને તમે પણ દંગ રહી જશો.

## ખેરાલુના એક ગામમાં પાંચ મંદિરોમાં ચોરીની ઘટના બનતા ગ્રામજનોમાં ભય

ખેરાલુ, ખેરાલુના બળાદમાં ગત મધરાતે ત્રાટકેલા તસ્કરોએ બ્રહ્માણી માતાના મંદિરના દરવાજાના નકૂચા અને તાળાં તોડી નાની-મોટી મૂર્તિઓ ઉપર શણગાર કરેલ ચાંદીના બે મુગટ સહિત ૧ કિલો ચાંદીના આભૂષણો અને દાનપેટીમાંથી રૂ.૨ હજારની રોકડ મળી રૂ.૫૦ હજારના દરદાગીના ચોરી કર્યા હતા. બાદમાં તસ્કરોએ મોચીવાસમાં આવેલા ચામુંડા માતાના મંદિરમાંથી કટાર અને છત્તર, લીંબાચીયા વાસમાં આવેલા પેંપળીયા વીર મહારાજના મંદિરમાંથી ચાંદીના ઘોડા, રબારીવાસમાં ગોગાના મંદિરમાંથી ચાંદીના નાગની નાની મૂર્તિઓની ચોરી કરી હતી. ત્યાંથી તસ્કરોએ ગામની મધ્યમાં આવેલા જૈન દેરાસરના દરવાજાનો નકૂચો તોડતાં વહેલી સવારે જાગેલા ગ્રામજનો મંદિરોમાં ચોરી થયાનો નજારો જોઈ ફફડી ઉઠ્યા હતા. આ મામલે પોલીસને જાણ કરતાં સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચેલા પીઆઈ એ.ટી. પટેલે પ્રાથમિક તબક્કે બ્રહ્માણી મંદિરમાં થયેલી મોટી ચોરીનો ગુનો નોંધી બાકીના મંદિરોમાં થયેલી ચોરી અંગે વિગતોની તપાસ સાથે તસ્કરોનું પગેરૂ મેળવવા પ્રયાસ આદર્યા હતા.

## ૨૯ ઓગસ્ટના દિવસે રાષ્ટ્રીય રમતગમત દિવસ ઉજવાય છે જાણો...

નવીદિલ્હી

ભારતમાં રાષ્ટ્રીય રમતગમત દિવસ ૨૯ ઓગસ્ટના રોજ ઉજવવામાં આવે છે. ૨૯ ઓગસ્ટે હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદનો જન્મદિવસ છે. હોકી આપણી રાષ્ટ્રીય રમત છે અને મેજર ધ્યાનચંદે હોકીમાં એટલી બધી સિદ્ધી મેળવી છે કે તેમના જેવો રમતવીર આજ સુધી થયો નથી. ૧૯૨૮,૧૯૩૨ અને ૧૯૩૬માં હોકી ખેલાડી મેજર ધ્યાનચંદે ભારત માટે ઓલમ્પિક્સમાં સુવર્ણપદક જીત્યો હતો. ૧૯૨૬થી ૧૯૪૯ સુધીની તેમની રમત કારકિર્દી દરમિયાન ૫૭૦ ગોલ કર્યા હતા. રાષ્ટ્રીય રમતગમત દિવસે વિવિધ દેશોની રાષ્ટ્રીય રમત અને રમતગમતની પરંપરાઓને સન્માનિત કરવાના હેતુથી મનાવામાં આવે છે. આ દિવસે વિવિધ વયજૂથના લોકો કબડ્ડી, મેરેથોન, બાસ્કેટબોલ, હોકી વગેરે રમતોમાં ભાગ લે છે. ભારતમાં ક્રિકેટ, બેડમિન્ટન, ફૂટબોલ, બોક્સિંગ, શૂટિંગ, કુસ્તી, કબડ્ડી, વોલીબોલ વગેરે રમતો રમાય છે. ભારતમાં ક્રિકેટને એક રમત નહીં ધર્મ માનવામાં આવે છે. દેશમાં ક્રિકેટરો સાથે સેલિબ્રિટી જેવો વ્યવહાર થાય છે. કેટલાક સૌથી લોકપ્રિય ક્રિકેટરો છે - સચિન તેંડુલકર, એમએસ ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા, સૌરવ ગાંગુલી. ફૂટબોલ, જે વિશ્વની સૌથી લોકપ્રિય રમત છે, તે પણ ધીમે ધીમે દેશમાં પોતાની જગ્યા બનાવી રહી છે. રાષ્ટ્રીય ખેલ દિવસ સ્કૂલ, કોલેજ અને ખાસ કરીને ખેલ એકેડમીઓમાં મનાવાય છે. આ દિવસે રમત રમાડીને નવયુવાનોને ખેલ પ્રત્યે જાગૃત કરવાનો અને તેમને રમતોનું મહત્વ સમજાવવાનો પ્રયત્ન કરાય છે. રમતોની મદદથી યુવાનોને નશાથી દૂર લઈ જઈ શકાય છે, તેમની અંદર રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવવા, અને ભારત દેશનું નામ રમતગમત ક્ષેત્રમાં આગળ લાવી શકાય છે. આ રાષ્ટ્રીય રમત દિવસને દર વર્ષે રાષ્ટ્રપતિ ભવનમાં મનાવવામાં આવે છે. આ દિવસે રાષ્ટ્રપતિ પોતે દેશ માટે સૌથી સારું રમનાર ખેલાડી ને સન્માનિત કરે છે. જેમાં ખેલાડીઓને ધ્યાનચંદ એવોર્ડ, નેશનલ એવોર્ડ, અર્જુન એવોર્ડ, રાજીવગાંધી ખેલ રત્ન એવોર્ડ અને બીજા ઘણા એવોર્ડથી સન્માનિત કરવામાં આવે છે. ભારતમાં રમતને પ્રોત્સાહન આપવા ખેલ મહાકુંભ, વાર્ષિક રમતોત્સવ અને રમતગમત સ્પર્ધા જેવી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. રમતો પ્રત્યે જાગૃતતા કેળવાય અને બાળકોનો શારીરિક વિકાસ થાય તે હેતુસર યોજવામાં આવે છે. આ ઉપરાંત રમતગમતથી બાળકોમાં સમુહભાવના, સાહસ, આત્મવિશ્વાસ જેવા ગુણોનો વિકસે છે. રમતગમત થી બાળકોની યાદશક્તિ, એકાગ્રતા અને શરીરની સ્ફૂર્તિમાં વધારો થાય છે. બાળકોની એકલતા અને ચીડિયાપણું દૂર થાય છે. બાળકો જ્યારે ટીમ બનાવીને બીજે ગામ, શહેર , રાજ્ય કે દેશમાં રમવા જાય ત્યારે તે બીજા બાળકોને તથા તેમની સાથે આવનારા માણસોને પણ જાણે છે અને તેમનામાં રહેલી વિશિષ્ટ બાબતોની નોંધ લેવાની તેમને તક મળે છે. તેમના મિત્ર વર્તુળમાં પણ વધારો થાય છે. આપણી શાળાઓ માં પણ ઘણા વિધાર્થીઓ એવા હોય છે કે જેમને ભણવા કરતા પણ ખેલકુંદમાં વધારે રસ હોય છે.શાળાના બાળકો ને પણ આગળ વધવાની તક મળે એ માટે આપણે શાળા કક્ષા એ રાષ્ટ્રીય રમત દિવસ ની ઉજવણી કરવી જોઈએ. આ ઉજવણી શાળા કક્ષાએ કરવામાં આવે તો શિક્ષક મિત્રોને પણ જાણકારી મળે છે કે મારી શાળા માં કયો વિદ્યાર્થી કઈ રમત માં હોશિયાર છે.બાળકોને પણ રમતા રમતા ભણવાની મજા આવે છે. ચાલો આપણે પણ રાષ્ટ્રીય રમત દિવસ ની ઉજવણી કરીએ.

## હિંદુસ્તાનની જીતથી ગદગદ થયા પીએમ મોદી

નવીદિલ્હી

એશિયા કપ ૨૦૨૨માં ભારતે જીત સાથે શરૂઆત કરી છે. ટીમ ઈન્ડિયાએ હાઈ વોલ્ટેજ મેચમાં પાકિસ્તાનને ૫ વિકેટે કચડી નાખ્યુ છે. આ જીત સાથે ભારતે એશિયા કપમાં ૯મી વખત પાકિસ્તાનને હરાવ્યુ છે. આ સાથે તેણે ટૂર્નામિન્ટમાં સારી શરૂઆત કરી છે. ભારતની આ શાનદાર જીત પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટ્વીટ કરીને ટીમ ઈન્ડિયાને જીત માટે અભિનંદન પાઠવ્યા છે. પીએમ મોદીએ ટ્વિટ કર્યુ, 'એશિયા કપ ૨૦૨૨માં આજની મેચમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર ઓલરાઉન્ડર રમતનુ પ્રદર્શન કર્યુ. ટીમે શાનદાર કૌશલ્ય અને ધૈર્ય દર્શાવીને જીત મેળવી છે. ભારતને અભિનંદન.' વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ પણ ટ્વીટ કરીને હ્યું છે કે, 'હુર્રે! આપણે જીતી ગયા છીએ. ટીમ ઈન્ડિયાને જીત પર અભિનંદન. આ અદ્ભુત પ્રદર્શન માટે મેન ઈન બ્લુને ખૂબ ખૂબ અભિનંદન. જય હિંદ!' ભારતની જીત પર ઘણા પૂર્વ ક્રિકેટરોની પ્રતિક્રિયાઓ પણ આવવા લાગી છે. પૂર્વ ભારતીય બોલર ઈરફાન પઠાણે કહ્યુ છે કે હાર પછી મળેલી જીતની મઝા બમણી હોય છે. તમને જણાવી દઈએ કે આ મેચ પહેલા ભારત અને પાકિસ્તાન ગયા વર્ષે ૨૦ વર્લ્ડ કપમાં આમને-સામને હતા. તે મેચમાં પાકિસ્તાને ભારતને હરાવી જૂનો રેકોર્ડ તોડ્યો હતો. વીરેન્દ્ર સેહવાગે કહ્યુ, 'વાહ વાહ વાહ! શાનદરા હાર્દિક પંડ્યા. હું બધુ જ કરીશ. ભુવીનુ શાનદાર પ્રદર્શન, જડુ અને કોહલીનો પણ સારો હાથ. લાંબા સમય પછી ઈૈંદ્રહ્વદૃજીંછદ્ધ ની આવી રોમાંચક મેચ જોઈને આનંદ થયો. મસ્ત મઝા આવી ગઈ.' વળી, સચિન તેંડુલકરે ટ્વીટ કર્યુ, 'બંને ટીમના ફાસ્ટ બોલરોએ દબાણમાં શાનદાર પ્રદર્શન કર્યુ. આપણને અંત સુધી લઈ જવામાં હાર્દિકની મહત્વની ઈનિંગ્સ સૌથી મહત્વપૂર્ણ હતી. જાડેજા અને વિરાટ પણ સારુ રમ્યા.'

## ભારતની જીત પર લોકો રસ્તા પર મન ભરીને નાચ્યા

નવીદિલ્હી

એશિયા કપમાં, ભારત અને પાકિસ્તાન વચ્ચેની નજીકની મેચમાં ભારતે ૫ વિકેટે જીત મેળવી હતી. ટીમ ઈન્ડિયાની આ જીત બાદ દેશભરમાં ખુશીની લહેર છે. ભારતીય ચાહકો દેશના ખૂણે ખૂણે આ રોમાંચક જીતની ઉજવણી કરી રહ્યા છે. કટ્ટર હરીફ પાકિસ્તાન સામે મળેલી આ જીતની ઉજવણી પણ કેમ ન કરે લોકો. ગયા વર્ષે ૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાને ભારતને એકતરફી મેચમાં હરાવીને માત્ર ટીમને જ નહીં પરંતુ સમગ્ર દેશને મોટા ઘા કર્યા હતા, જે હવે આ જીતથી ભરાઈ ગયા છે. સોશિયલ મીડિયા પર આવા ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં પાકિસ્તાન સામેની જીત બાદ ચાહકોને રસ્તા પર ડાન્સ કરતા અને ફટાકડા ફોડતા જોઈ શકાય છે. મેચની શરૂઆત પાકિસ્તાને ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરી હતી. પાકિસ્તાનના બેટ્સમેનોએ નિરાશ કર્યા અને આખી ટીમ ઈનિંગ્સની ૨૦ ઓવર પણ મેળવી શકી નહીં. ૧૯.૫ ઓવરમાં બાબર એન્ડ કંપની ૧૪૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વિકેટ કીપર બેટ્સમેન મોહમ્મદ રિઝવાન (૪૩) સૌથી વધુ સ્કોરર રહ્યો હતો. ભારત તરફથી ભુવનેશ્વર કુમારે ૪ અને હાર્દિક પંડ્યાએ ૩ વિકેટ લીધી હતી. ભારતને ૧૪૮ રનનો ટાર્ગેટ હતો અને ટીમ જીતવા માટે ફેવરિટ માનવામાં આવી રહી હતી. જો કે, પાકિસ્તાનની ટીમે પણ જોરદાર લડત આપી હતી અને મેચને છેલ્લી ઓવર સુધી લઈ લીધી હતી. છેલ્લી ઓવરમાં ભારતને જીતવા માટે ૭ રનની જરૂર હતી અને હાર્દિક પંડ્યાએ ચોથા બોલ પર સિક્સ ફટકારીને ભારતને જીત અપાવી હતી. હાર્દિક પંડ્યાએ ૧૭ બોલમાં ૩૩ રનની અણનમ ઈનિંગ રમી હતી. આ સાથે જ રવિન્દ્ર જાડેજા અને વિરાટ કોહલીએ ૩૫-૩૫ રનનું યોગદાન આપ્યું હતું.

## આજનું રાશિફળ

મેષ- સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો તથા પરિસ્થિતિને તેમના દૃષ્ટિકોણથી જોવાની કોશિષ કરો. તેઓ તમારી માવજત, પ્રેમ અને સમયને લાયક છે.

વૃષભ - જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

મિથુન- પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.

કર્ક - અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો.

સિંહ- આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારા જીવનસાથીની તબિયત ચિંતાનું કારણ બની શકે છે તથા તબીબી મદદની જરૂર પડશે.

કન્યા- તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

તુલા - શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય.

વૃશ્ચિક- આનંદથી ભરેલો સારો દિવસ. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે.

ધન-સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. રૉમાન્સની શક્યતા છે પણ શારીરિક લાગણીઓ જાગી શકે છે.

મકર-અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. મનોરંજન અથવા કૉસ્મેટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે. વળી, આ લતમાંથી છૂટવા માટે આ સમય યોગ્ય પણ છે.

કુંભ- તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે.

મીન- સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**મૈત્રી એન્ટરપ્રાઈસીસ લિમિટેડ**

CIN: L45208GJ1991PLC016853

રજિ. ઑફિસ: ગાયત્રી હાઉસ, અશોકવિહાર, મૈત્રી એવન્યૂ સોસાયટી પાસે, સરકારી એન્જિનિયરિંગ કૉલેજની સામે, મોટેરા, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫, ગુજરાત

ફોન: ૦૭૯-૨૭૫૦૬૮૪ ઈ-મેઈલ: compliance@maitrienterprises.com

વેબસાઈટ: www.maitrienterprises.com

**વાર્ષિક સાધારણ સભા સંબંધિત નોટિસ ઈ-વોટિંગ માહિતી**

આથી અહીં સૂચના આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બુધવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે યોજાશે. એજીએમની સૂચના ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા ૩૦ ઓગસ્ટ ૨૦૨૨ મંગળવારના રોજ માત્ર એવા શેરધારકોને મોકલવામાં આવી છે જેમના ઈમેલ એડ્રેસ કંપની/ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સાથે નોંધાયેલા છે. તે કંપનીની વેબસાઈટ www.maitrienterprises.com પર પણ ઉપલબ્ધ છે.

કંપનીઝ એક્ટ-૨૦૧૩ની કલમ ૧૦૮ને અનુરૂપ, જેને કંપનીઝ (વ્યવસ્થાપન અને વહીવટ)ના નિયમો-૨૦૧૪ના નિયમ ૨૦ની સાથે વંચાણે લેતાં કંપનીઝ (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો-૨૦૧૫ તથા લિસ્ટિંગ્સ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ્સ રેગ્યુલેશન્સ-૨૦૧૫ (LODR) મુજબ સુધારાયેલ છે તે મુજબ, સભ્યોને એજીએમની નોટિસમાં જણાવાયેલા ઠરાવો પર મતદાન કરવા માટેની સવલત CDSL દ્વારા એજીએમના સ્થળ સિવાયના સ્થળેથી મતદાન કરવા માટેની સગવડ ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમના ઉપયોગથી (રિમોટ ઈ-વોટિંગથી) આપવામાં આવે છે, અને આવા મતદાન દ્વારા કામકાજ કરી શકાશે.

ઈ-વોટિંગનો સમયગાળો રવિવાર, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે IST થી શરૂ થાય છે અને મંગળવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે IST. સમાપ્ત થાય છે. આ સમયગાળા દરમિયાન, સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે. ત્યારપછી સીડીએસએલ દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલને અક્ષમ કરવામાં આવશે. ઠરાવ પર એકવાર મતદાન કરવામાં આવે, પછીથી તેને બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં.તા.૧૫,સપ્ટેમ્બર ૨૦૨૨ ગુરુવાર થી તા. ૨૧ મી સપ્ટેમ્બર બુધવાર ૨૦૨૨ (બન્ને દિવસ સહિત ) સુધીના સમય ગાળા સુધી કંપનીની બુક બંધ રહેશે

એજીએમમાં ઈ-વોટિંગની પ્રક્રિયા રિમોટ ઈ-વોટિંગની પ્રક્રિયા જેવી જ છે. જે શેરધારકો એજીએમમાં હાજરી આપશે તેઓને એજીએમમાં જણાવાયેલા ઠરાવો ઉપર એજીએમ પહેલાં જેમણે રિમોટ ઈવોટિંગ દ્વારા મતદાન કર્યું નથી તથા તેમ કરવામાં જેમને બાધિત કરવામાં નથી આવ્યા તેવા શેરધારકોને એજીએમ ખાતે ઈવોટિંગ દ્વારા ઠરાવો ઉપર મતદાન કરવા દેવામાં આવશે. જે શેરધારકોએ રિમોટ ઈવોટિંગ દ્વારા મતદાન કર્યું છે તેવા શેરધારકો એજીએમમાં ભાગ લઈ શકશે અને તેમની હાજરીને કાર્યસાધક સભ્યસંખ્યા માટે ગણતરીમાં લેવામાં આવશે, જોકે, આવા શેરધારકોને એજીએમમાં ઠરાવો ઉપર ફરીથી મતદાન કરવા દેવામાં નહીં આવે, કે જેના પર તેમણે પહેલેથી જ ઈવોટિંગ દ્વારા મતદાન કરી દીધું હોય.

તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૨ને બુધવારના રોજ કંપનીના પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલમાં તેમણે ધરાવેલા ઈક્વિટી શેરના પ્રમાણના આધારે સભ્યોને મતદાનનો અધિકાર મળશે. એજીએમની નોટિસમાં જણાવાયેલા તમામ ઠરાવો ઉપર મતદાન માટે, કોઈ વ્યક્તિ છેલ્લી તારીખે કંપનીનો સભ્ય હોય તેને પણ અધિકાર મળશે.

ઈ-વોટિંગ સાથે સંકળાયેલી વિગતો માટે એજીએમની નોટિસ જુઓ. ઈલેક્ટ્રોનિક સાધનો દ્વારા મતદાન માટેના કોઈ પણ પ્રશ્ન માટે એફએક્યુ તથા www.evotingindia.comમાં ઈવોટિંગ મેન્યુઅલ જોશો, અથવા ૦૨૨-૨૩૦૫૮૫૪૨-૪૩ ઉપર ફોન કરી શકો છો. ઈવોટિંગ અંગેની કોઈ પણ ફરિયાદ માટે શ્રી રાકેશ દલવી, મેનેજર સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિ., એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મિલ કમ્પાઉન્ડ્સ, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૩નો અથવા ઈમેઈલ એડ્રેસ ઉપર અથવા 022-23058542/43 ઉપર સંપર્ક કરવો.

બોર્ડના હુકમથી અને તેમના માટે,
મૈત્રી એન્ટરપ્રાઈસીસ લિમિટેડ,
સહી/-
જયકિશન અંબાણી,
મેનેજિંગ ડિરેક્ટર,
DIN-03592680

સ્થળ: અમદાવાદ
તારીખ: ૩૦ઓગસ્ટ, ૨૦૨૨